# સળંગ ૧૧૩ દિવસ સુધી કોરોનાની સારવાર બાદ સાજા થયેલ દેવેન્દ્રભાઈ પરમાર...

## સોલા સિવિલ હોસ્પિટલના તબીબો, સન્નિષ્ઠ કર્મચારીઓને અસરકારક કામગીરી બદલ અભિનંદન આપતા નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ

સમસ્ત વિશ્વ કોરોનાની મહામારી સામે આજે લડી રહ્યું છે, ત્યારે ગરીબ નાગરિકો પ્રત્યે સંવેદનશીલ અને મમતાભર્યો અભિગમ કેળવીને કેવી રીતે તેમને મોતના મુખમાંથી ઉગારી શકાય તેની આગવી મિશાલ ગુજરાત સરકારે સમગ્ર દુનિયા સમક્ષ પ્રસ્તુત કરી છે. અમદાવાદની સરકારી સોલા હોસ્પિટલમાં કોરોના સામે ૧૧૩ દિવસ સુધી એકધારી લડત બાદ ધોળકાના દર્દી દેવેન્દ્રભાઈ પરમારે કોરોનાને મહાત આપી હેમખેમ ઘરે પરત ફરી રહ્યા છે. કોરોનાની સારવારનો આ વિક્રમજનક ગાળો ભારતભરમાં સૌથી વધુ છે. તેમને તમામ સારવાર રાજય સરકારે વિના મૂલ્યે પૂરી પાડી છે.

આજે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે નાયબ મુખ્યમંત્રી એ દેવેન્દ્રભાઈ અને એમના પરિવારની રૂબરૂ મુલાકાત લઈને શુભેચ્છાઓ આપી હતી. આ મુલાકાત બાદ હાજર રહી મીડીયા સમક્ષ મેડિકલ, પેરામેડિકલ, નર્સિંગ, સફાઈકર્મીઓ સહિત સમગ્ર તંત્રની કામગીરીને બિરદાવતા તેમણે ઉમેર્યુ કે,સોલા સિવિલ હોસ્પિટલના સમગ્ર તંત્રના અથાગ પ્રયાસો થકી જ ૫૯ વર્ષીય શ્રી દેવેન્દ્રભાઇ કોરોના જેવી સંવેદનશીલ બિમારીને મ્હાત આપીને આજે સ્વગૃહે સ્વસ્થ થઈને પરત ફરી રહ્યા છે.



તેઓએ ઉમેર્યુ કે સમગ્ર વિશ્વ આજે કોરોના સામે જંગ લડી રહ્યુ છે ત્યારે ગુજરાતે પણ કોરોના મહામારીના પડકારનો સામનો કરવા અને મહામૂલી માનવ જિંદગી બચાવવા માટે છેલ્લા દસ મહિનાથી જે પ્રયાસો કર્યા છે જેના પરિણામે આપણે રાજયભરમાં સંક્રમણ અટકાવી શકયા છીએ અને અનેક માનવીય જીંદગી બચાવવામાં પણ સફળતા મળી છે.

પટેલે ઉમેર્યુ કે, અમારા માટે પ્રત્યેક નાગરિકની જીંદગી બચાવવી એ જ પ્રાથમિકતા છે અને રહેશે જ. અમારી સરકારના દ્દષ્ટિવંત આયોજન અને આરોગ્ય વિભાગની સંવેદનશીલતા સાથેની અસરકારક કામગીરીના પરિણામે જ આ શકય બન્યુ છે એ માટે હું રાજયના કોરોના વોરિયર્સ સમા સૌ આરોગ્ય કર્મીઓને લાખ લાખ અભિનંદન આપુ છું. કોરોનાના કપરાકાળમાં પણ પોતાની જિંદગીની પરવા કર્યા વગર જાનની બાજી લગાવીને સૌ કર્મીઓએ રાજયના નાગરિકોને રાત દિવસ જોયા વગર જે સારવાર-સુવિધા પુરી પાડી છે એના પરિણામે જ આ શકય બન્યુ છે.

તેમણે ઉમેર્યુ કે, સોલા સિવિલ હોસ્પિટલના તમામ આરોગ્ય કર્મીઓના અથાક પ્રયાસોના પરિણામે દેવેન્દ્રભાઈએ કોરોનાને મહાત આપી છે.માનવજીવનની સરખામણી નાણાકીય મૂલ્યો થી ન કરી શકાય તેમ જણાવતા નિતિનભાઈ પટેલે કહ્યુ કે છેલ્લા ૧૧૩ દિવસથી કોરોના સામે ઝઝૂમી રહેલા દેવેન્દ્રભાઈએ જો અન્યત્ર સારવાર લીધી હોત તો અંદાજે ૩૦ લાખનો ખર્ચ થયો હોત પણ આ તમામ સૂવિધાઓ તેમને સરકારે વિનામૂલ્યે પૂરી પાડી છે. સળંગ ૧૧૩ દિવસ સુધી સરકારી સુવિધામાં વિનામૂલ્યે કોરોનાની સારવાર બાદ સાજા થઈને ડિસ્ચાર્જ લેતા હોય એવો કદાચ ભારતભરમાં સૌ પ્રથમ કિસ્સો છે. આ દર્શાવે છે કે પ્રત્યેક નાગરિકની જિંદગી રાજ્ય સરકારને માટે ઘણી જ કિંમતી છે.

રાજ્ય સરકારની તમામ સરકારી હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં, આરોગ્ય સેવાઓને લગતી જરૂરી તમામ સુવિધાઓ સમયસર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેના કારણે રાજ્યના અગણ્ય કોરોના ગ્રસ્ત દર્દીઓનો જીવ બચાવવામાં આપણે સફળ રહ્યા છીએ તેમ નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ સમગ્ર બનાવની ટૂંકી વિગત એવી છે કે અમદાવાદ જિલ્લાના ધોળકાના વતની અને ગરીબ પરિવારના મોભી ૬૦ વર્ષીય દેવેન્દ્રભાઈ પરમારને શરદી-તાવના લક્ષણો જણાતા તેમણે કોવિડ-૧૯નો રેપિડ ટેસ્ટ કરાવ્યો હતો, જેનો રિપોર્ટ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ આવતા દેવેન્દ્રભાઈ કોરોના પોઝિટવ હોવાનું ફલિત થયું હતું. ઈ-ઝઈ ટેસ્ટમાં પણ તેઓ કોરોના પોઝિટિવ જણાયા હતાં. શરૂઆતમાં ખાનગી હોસ્પિટલમાં ટૂંકી સારવાર બાદ દેવેન્દ્રભાઈને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૮ ઓગસ્ટે ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં આરોગ્ય વિભાગના નિષ્ઠાવાન કર્મચારીઓએ દેવેન્દ્રભાઈની સારવાર શરૂ કરી હતી. સતત ચાર મહિના સુધી ચાલેલી આઈસીયુ સહિતની વૈવિધ્યપૂર્ણ અને ગહન સારવાર બાદ દેવેન્દ્રભાઈને સાજા થવાની અનુભૂતિ થતા તેઓ હોસ્પિટલ સમક્ષ ઘરે પરત ફરવાની માંગણી કરી હતી જેને ગ્રાહ્ય રાખીને ૧૮ ડિસેમ્બરે દેવેન્દ્રભાઈને ઘરે જવાની રજા અપાઈ હતી.

કોરોનાની સારવારના લાંબા સમયગાળાનો અત્યાર સુધીનો વિક્રમ ૧૦૨ દિવસનો છે. અન્યત્ર સારવાર લેવામાં આવે તો સામાન્ય રીતે આટલી લાંબી ચાલતી સારવાર પાછળ અંદાજે ૩૦ લાખ રૂપિયા ખર્ચાવાની શક્યતા હોય છે, જે કદાચ દેવેન્દ્રભાઈના ગરીબ પરિવારને આર્થિક રીતે ન પોસાયું હોત, પરંતુ ધોળકાના આ ગરીબ માનવીને વિનામૂલ્યે સતત ૧૧૩ દિવસ સુધી સારવાર આપીને હેમખેમ ઉગારી લઈને ગુજરાત સરકારે એ સાબિત કર્યુ છે કે કોરોનાના આ વસમા કાળમાં રાજ્યના પ્રત્યેક ગરીબ માનવીના જીવનના રખોપા કરવા એ જ તેની પ્રાથમિકતા છે.

દેવેન્દ્રભાઈ પરમારના ધર્મપત્ની શ્રી ઈન્દુમતીબેને આ પ્રસંગે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા કહ્યું કે હું 'જો મારા પતિની સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ગઈ હોત તો કદાચ મારા પતિ સાજા થઈને ઘરે પાછા ન ફર્યા હોત. સોલા સિવિલ હોસ્પિટલના તબીબોથી લઈને સફાઈ કર્મીઓ સુધી તમામ તંત્રએ ખડેપગે રહીને મારા પતિની સેવા- સુશ્રુષા કરી છે એ બદલ હું તમામને બિરદાવું છું અને રાજ્ય સરકાર દ્વારા આટલા લાંબા સમયે ચાલેલી સારવાર અમને તદ્દન નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી તે બદલ અમારો સમગ્ર પરિવાર રાજ્યની સંવેદનશીલ સરકારનો આભાર વ્યક્ત કરે છે.

આ પ્રસંગે સોલા સિવિલ સુપ્રીન્ટેન્ડેન્ટ ડૉ. પીના સોની, જી.એમ.ઈ.આર.એસ. કોલેજના ડીન ડૉ. નીતીન વોર, સોલા સિવિલ એનેસ્થેસિયા વિભાગની સમગ્ર ટીમ, પલમેનોલોજી વિભાગની સમગ્ર ટીમ, મેડિસીન વિભાગની સમગ્ર ટીમ, નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

- કદાચિત ભારતભરની સૌપ્રથમ ઘટના : અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોના સામે ૧૧૩ દિવસ સુધી એકધારી લડત બાદ ૫૯ વર્ષીય દેવેન્દ્રભાઈ પરમાર હેમખેમ ઘરે પરત ફર્યા
- અમીર હોય કે ગરીબ, રાજ્યના પ્રત્યેક નાગરિકની જિંદગી બચાવવી એ જ અમારી પ્રાથમિકતા છે.
- છેલ્લા દસ મહિનામાં કોરોનાના સામના માટેના સઘન પ્રયાસોના પરિણામે આપણે સંક્રમણ અટકાવી શકયા છીએ અને અનેક માનવીય જીંદગી બચાવવામાં પણ સફળતા મળી છે

- નિતિનભાઈ પટેલ




વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત આરાધના વિદ્યાવિહાર ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં વર્ચ્યુઅલ પેરેન્ટ્સ- ટીચર મીટીંગ યોજવામાં આવી હતી. આ મીટીંગનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે કોરોના સંપૂર્ણપણે નાબુદ ન થાય ત્યાં સુધી બાળકો ઓનલાઈન કલાસમાં આ જ રીતે ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી તથા ગુજરાત યુનિવર્સિટીનો પારસ્પરિક સહયોગ સાધવા સમજૂતી કરાર

ગાંધીનગર, તા. ૧૮

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સાથે ૧૯મી ડિસેમ્બરે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, પ્રાધ્યાપકો, પ્રશિક્ષકોની સ્વર્ણિમ વિકાસયાત્રામાં બંને યુનિવર્સિટીના પારસ્પરિક હિતોને ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણ કાર્યમાં પરસ્પર એકેડેમિક, રિર્સચ અને ટેક્નિકલ સહયોગ સાધવા સમજૂતી કરાર કરવામાં આવેલ, બંને યુનિવર્સિટી ધ્વારા એમ. ઓ.યુ. અંતર્ગત જોઈન્ટ રીસર્ચ પ્રોજેક્ટ, કોન્ફરન્સ, સ્ટુડન્ટ એકસચેન્જ એકટીવીટી, ફેકલ્ટી ડેવલપમેન્ટ, સ્પોર્ટ્સ કોમ્પિટિશન જેવા મહત્વના વિષયો પર પરસ્પર સુમેળ સાધી સર્વાંગી વિકાસને ધ્યાને લઈને કાર્યો કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો.હિમાંશુ પંડ્યા દ્વારા ડૉ. અર્જુનસિંહ રાણાને ખુબ ખુબ અભિનંદન પાઠવામાં આવ્યા હતા કે તેમણે સ્પોર્ટ્સ યુનિવર્સિટીને સ્ટેટ લેવલ સુધી લઈ જઈને વિવિધ યુનિવર્સિટી સાથે કનેક્ટ કરી છે અને મોટે પાયે દરેક યુનિવર્સિટીના સ્પોર્ટ્સ સાથે સ્પોર્ટ્સ યુનિવર્સિટીને જોડવાનો પ્રયત્ન કર્યો છે. તથા શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સના તજજ્ઞોના વિકાસ માટે જે કાર્યો કર્યા છે તે ખુબજ સરાહનીય છે. કુલપતિ ડો.હિમાંશુ પંડ્યાએ કાર્યક્રમમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતી સ્કુલ કનેક્ટ યોજના કે જેમાં બાળકોને ધોરણ ૦૭ કે ધોરણ ૦૮થી જ સ્કુલ લેવલથી જ સિલેક્ટ કરીને જે તે રમત માટે ફોકસ કરવામાં આવે છે એવોજ પ્રોગામ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે રહીને વધારે સારીરીતે ડેવલોપમેન્ટ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આપણી દેશી રમતો જેવી કે ખો-ખો, સતોલીયુ, ખોચામડીને વધારે સારી રીતે ડેવલોપ કરીને પ્રીમિયર લીગ લેવલ સુધી થાય તે મુજબનું બારીકાઇ પૂર્વક માળખું તૈયાર કરવું કરવા બંને યુનિવર્સિટી કટિબબદ્ધ છે. ગુજરાત રાજ્યના આપણા નેશનલ કે ઈન્ટરનેશનલ ગેમ રમેલા ખેલાડીઓને જે-તે રમતના બ્રાન્ડ-એમ્બેસેડર બનાવીને ગુજરાત યુનિવર્સિટી અને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા તે રમતને પ્રમોટ કરાવવાની કાર્યવાહી હાથ ધરી શકાય. વધુમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા ડેવલોપ કરાયેલા ૨૨ ઓલમ્પિક લેવલના ખેલકૂદ મેદાનોમાં મેદાન પર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા ખેલાડીઓનું માર્ગદર્શન અને પૂરેપૂરું પીઠબળ પૂરું પડે અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ગુજરાત યુનિવર્સિટીની લેબમાં થાય, તે રીતનો એક અનોખો કાર્યક્રમ ડેવલોપ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.




# આઈઆઈટીઈના ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.,એમ.એડ. કોર્સમાં ૫૦ બેઠકોનો વધારો

ગાંધીનગર, તા. ૧૮

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (Indian Institute of Teacher Education - IITE), ગાંધીનગરને નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (એનસીટીઈ) દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૨થી ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એસ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સમાં વધુ ૫૦ બેઠકોની મંજૂરી આપવામાં આવી છે. સમગ્ર ભારતમાં ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એસ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સ માત્ર આઈઆઈટીઈ દ્વારા જ ચલાવવામાં આવે છે.

સામાન્ય રીતે એમ.એસસી. અથવા એમએ.ના કોર્સ માટે બે વર્ષ અને ત્યારબાદ એમ.એડ.ના કોર્સ માટે બીજા બે વર્ષ એમ બે માસ્ટર ડિગ્રી માટે કુલ ચાર વર્ષ અભ્યાસ કરવાનો રહે છે, પરંતુ આઈઆઈટીઈનો ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. એક મહત્ત્વપૂર્ણ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ છે, જેમાં ત્રણ વર્ષના સમયગાળામાં વિદ્યાર્થી બે માસ્ટર ડિગ્રી મેળવી શકે છે અને પોતાનું એક વર્ષ બચાવી શકે છે.

આ અનોખા કોર્સ વિશે વાત કરતા, આઈઆઈટીઈના વાઈસ ચાન્સેલર ડૉ. હર્ષદ પટેલે જણાવ્યુ કે, "આ કોર્સ એક વિશિષ્ટ કોર્સ છે. એનસીટી દ્વારા આઈઆઈટીઈને વર્ષ ૨૦૧૫થી ૫૦ બેઠકો સાથે ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સ ચલાવવાની મંજૂરી આપી હતી. આ કોર્સ ભારતમાં માત્ર આઈઆઈટીઈમાં ચાલે છે. વર્તમાન સમયમાં જો ત્રણ વર્ષના અભ્યાસથી બે માસ્ટર ડિગ્રી મળે અને એક કિંમતી વર્ષ પણ બચાવી શકાય તેવા સરકાર માન્ય કોર્સ ખૂબ જ ઓછા હોય છે. હવે આઈઆઈટીઈને એનસીટીઈ દ્વારા આ ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સ માટે વધુ ૫૦ બેઠકોનો વધારો આપવામાં આવ્યો છે. આથી હવે આગામી શૈક્ષણિક વર્ષથી આ કોર્સમાં કુલ ૧૦૦ બેઠકો ઉપલબ્ધ બનશે."

તેમણે વધુમાં જણાવ્યું કે, "ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. વિશિષ્ટ છે કારણકે આ ડિગ્રી મેળવનાર પોસ્ટ ગ્રેજ્યુએસ માધ્યમિક શાળાઓમાં વિષય શિક્ષકો બની શકે છે. આ ઉપરાંત સાયન્સ, આર્ટ્સ અને એજ્યુકેશન કૉલેજોમાં વ્યાખ્યાતા બનવા માટેની પ્રાથમિક લાયકાત મેળવી શકે છે. એમ.એડ. તથા સાયન્સ અને આસ ફેકલ્ટીમાં માસ્ટર ડિગ્રી માટે અલગ અલગ સંસ્થાઓમાં અભ્યાસ કરવો પડે છે, જ્યારે આઈઆઈટીઈના આ કોર્સ દ્વારા માત્ર એક જ સ્થળે અભ્યાસ કરીને બે માસ્ટર ડિગ્રી મેળવી શકાય છે."

આગામી શૈક્ષણિક વર્ષથી બી.એસસી. અથવા બી.એ. તથા બી.એડ. પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ આ ઈનોવેટિવ ઈન્ટિગ્રેટેડ એમ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સમાં પ્રવેશ મેળવી શકશે.

- ઇનોવેટિવ ઇન્ટિગ્રેટેડ એસ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સ સમગ્ર દેશમાં માત્ર આઈઆઈટીઈ દ્વારા જ ચલાવવામાં આવે છે.
- આ કોર્સ માટે ૫૦ બેઠકોના વધારાની એનસીટીઈની મંજૂરી બાદ હવે આઈઆઈટીઈમાં આ કોર્સની કુલ ૧૦૦ બેઠકો થશે. ત્રણ વર્ષમાં સાયન્સ અથવા આર્ટ્સ અને એજ્યુકેશન વિષયમાં બે માસ્ટર ડિગ્રી મેળવી શકાશે અને એક મહત્ત્વપૂર્ણ વર્ષ બચાવી શકાશે. આ કોર્સના અભ્યાસ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક તથા સાયન્સ, આસ અને બી.એડ. કોલેજોમાં વ્યાખ્યાતા બનવાની પ્રાથમિક લાયકાત આ કોર્સથી મેળવી શકાશે.
- બી.એસસી. અથવા બી.એ. તથા બી.એડ. પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ આ ઇનોવેટિવ ઇન્ટિગ્રેટેડ એસ.એસસી./એમ.એ.-એમ.એડ. કોર્સમાં પ્રવેશ મેળવી શકશે

## ગાંધીનગર મહાનગરપાલિકાના ઉપક્રમે

# ઔધોગિક એકમો તથા વ્યાપારિક સંકુલોમાંથી ઉદ્દભવતા ઈ-વેસ્ટનું વ્યવસ્થાપન અંગે વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના દ્વારા ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન અને ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ઉદ્યોગપતીઓ,વેપારીઓ તથા વ્યવસાયકારો માટે ઔધોગિક એકમો તથા વ્યાપારિક સંકુલોમાંથી ઉદ્દભવતા ઈ-વેસ્ટનું વ્યવસ્થાપન અંગે વેબીનાર યોજાયો.

આ વેબીનારમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત પ્રવચન નિસર્ગ સાયંસ સેન્ટરના, મેનેજીંગ ટ્રસ્ટી,ડો.અનીલ પટેલ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન અને ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ સમીર ત્રિવેદીએ પોતાના પ્રાસંગિક ઉદબોધન માં ગેઝીયા દ્વારા સ્વરછતા માટે થતી પ્ર્વુતિઓનો ચિતાર આપ્યો હતો.તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા જે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૧માં ભાગ લઈ રહી છે તેમાં પણ સંપૂર્ણ સહયોગ આપવાની વાત કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રાદેશિક કચેરી,ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ,ગાંધીનગરના પ્રાદેશિક અધિકારી ડી.સી.વંકાણી એ ઈ-વેસ્ટ કાયદા અંગે ઉદ્યોગપતિઓને માહિતી આપી હતી તેમજ તેના અમલીકરણ માટે જણાવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરના પૂર્વ,પી. આર.ઓ નરેશ ઠાકરે પ્રેઝન્ટેશન દ્વારા ઈ-વેસ્ટ કાયદાઓની ચર્ચા કરી હતી તેમજ તેના અમલીકરણ અને વ્યવસ્થા માટે કેવા પ્રયત્નો કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાના,સેનિટેશન સુપ્રિટેન્ડે સંદીપસિહ ગોહિલે કોર્પોરેશન દ્વારા ટૂંક સમયમાં શરુ થનાર ઈ-વેસ્ટ કલેક્શન અંગે વાત કરી હતી. ગેઝીયાના પૂર્વ પ્રમુખ એચ.એમ. પટેલ પણ તેમના સૂચનો રજુ કર્યા હતા. અન્ય ઉદ્યોગપતિઓ ચાણક્યભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ દ્વારા પણ તેમના સૂચનો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગર ગેઝિયાના ઉદ્યોગપતિઓ, વેપારીઓ તથા વ્યવસાયકારો તેમજ જી.પી.સી.બી અને જી.એમ.સી.ના કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.



# મધ્યસ્થ ગ્રંથાલય - સાદરામાં ગાંધીવિચારોનો પડઘો પાડનાર ધૂમકેતુના પુસ્તકોનું પ્રદર્શન યોજાયું



ચિલોડા, તા. ૧૮

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં ગાંધીવિચારના પડઘો પાડનાર સમાજ સુધારક એવા ધૂમકેતુના પુસ્તકનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનના મુલાકાતીઓને ગાંધી વિચારનું સંસ્કરણ થાય, ગાંધી વિચારોનો સમાજ સુધારણા માટે ફેલાવો થાય તે હેતુ લક્ષમાં રાખી મધ્યસ્થ ગ્રંથાલયના - સાદરાના ગ્રંથપાલ જગદીશ પરીખ અને ગ્રંથાલયના સૌ સેવકોના સહયોગથી પુસ્તક પ્રદર્શન ગોઠવાયું. અવારનવાર યોજાતા પુસ્તક પ્રદર્શનની પ્રવૃત્તિને સંકુલના સંયોજક રમેશભાઈ પટેલેએ અને ગૂજરાત વિદ્યાપીઠના માનદ્ નિયામક ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ મધ્યસ્થ ગ્રંથાલય - સાદરાના સૌ સેવકોને બિરદાવ્યો છે.


## જન્મદિને વધામણી



નિશિત વ્યાસ
જનરલ સેક્રેટરી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટી
મો. ૯૮૨૪૦ ૩૧૯૯૯



વિનોદ સુંદેશા
મો. ૯૮૯૮૩ ૧૨૦૭૫



દિવ્યાંશી
રણછોડસિંહ રથવી



ડાહ્યાભાઈ લલ્લુભાઈ પારેખ
મો. ૯૮૦૧૧ ૫૧૭૪૯



માસ્ક પહેરો... સ્વસ્થ રહો...

# નૃત્યમહર્ષિ પીઢ ગુજરાતી કલાકાર યોગસુંદર દેસાઈ સ્મરણાંજલિ ઓનલાઈન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

એક મહાન ગુજરાતી નૃત્યમહર્ષિ કલાકાર યોગસુંદરભાઈ દેસાઈની ચિરવિદાયથી ભારતીય પરંપરાગત કલાક્ષેત્રે મોટી ખોટ પડી છે. યોગસુન્દરનો જન્મ લીંબડીમાં રાજવી પરિવારમાં થયેલો અને એમણે નાનપણથી જ



ગાંધીજીના રંગે રંગાઈને જીવનની સાદગી અપનાવી અને પારંગત કલાકાર તરીકે દેશવિદેશમાં ભારે પ્રસિદ્ધિ પામ્યા. તેઓ વર્ષોથી દિલ્હીમાં સ્થાયી થયા હતા જ્યાં શતાયુ વર્ષમાં પ્રવેશ કરી ૨૭ નવેમ્બરે તેઓ ચિરવિદાય થયા. શ્રી યોગસુંદર દેસાઈ સ્મરણાંજલિ સભા રવિવાર, ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ ને સાંજે ૪થી ૬ વાગ્યા દરમિયાન Zoom Meetings પર યોજાશે જેમાં દિલ્હીની અગ્રણી સંસ્થાઓના હોદ્દેદારો અને સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રના અગ્રણી મહાનુભાવો સ્મૃતિ-અંજલિ વ્યક્ત કરશે.